| |
|---|
| વિદ્યાર્થીએ ફોટો ચોંટાડી પત્ર અચૂક સાથે લાવવો |

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - 380014

## '65'મો પદવીદાન સમારંભ

## પારિતોષિક તથા પદવી લેનારાઓને સૂચના

| ક્રમાંક |
|---|
| |

કોઈ પણ વિશ્વવિદ્યાલય માટે પદવીદાન સમારંભ મહત્ત્વનું પર્વ છે. આ ઉત્સવની ગરીમા જળવાય તે માટે દરેક પાસે શિષ્ટાચારની અપેક્ષા રાખવામાં આવે છે. એ સંદર્ભે તમે નીચેની સૂચનાઓનું ગંભીરતાપૂર્વક પાલન કરો તેવી અપેક્ષા છે. **દરેક પદવી લેનારા વિદ્યાર્થીએ સૂચનાપત્રની સાથે પોતાનું કોઈપણ ફોટો આઈકાર્ડ (પાનકાર્ડ/લાયસન્સ/ચૂંટણી ઓળખપત્ર/સંસ્થાનું ઓળખપત્ર/આધારકાર્ડ વગેરે) અચૂક લાવવાનું રહેશે.**

1. ગૂજરાત વિદ્યાપીઠનો '65'મો પદવીદાન સમારંભ **તા. 18-10-2018 ને ગુરુવારના રોજ સવારના 9-30 વાગ્યે પ્રાણજીવન વિદ્યાર્થીભવનમાં** યોજવામાં આવ્યો છે. **આ પ્રસંગે ડૉ. પ્રકાશ આમટે મુખ્ય મહેમાનશ્રી દીક્ષાન્ત પ્રવચન આપશે.**
2. **આદરણીય કુલપતિ શ્રી ઇલાબહેન ભટ્ટ પાસેથી** પદવી પ્રમાણપત્ર મેળવવાનું છે તે ધ્યાનમાં રાખવું.
3. પદવીદાન સમયે પદવી લેનારાઓને વિદ્યાપીઠ તરફથી પદવી પ્રમાણપત્ર તથા સ્થવિકા આપવામાં આવે છે. સ્થવિકા, પદવીક્રમાંકનું કાર્ડ આપવાનું, પદવીદાન વિધિની સમજૂતી તથા પદવી પ્રમાણપત્રમાં પૂરી સહી કરવા **તા. 17-10-2018 ને બુધવારના રોજ બપોરના 12-00 કલાકે 'આ પત્રની પાછળ દર્શાવેલા સ્થળે'** નીચે ક્રમ-8માં દર્શાવ્યા મુજબ પૂરા ગણવેશમાં અવશ્ય ઉપસ્થિત રહેવું. **આ તારીખે ઉપસ્થિત નહીં રહેનારને તા. 18-10-2018 ના પદવીદાન સમારંભમાં પ્રવેશ આપી શકાશે નહીં તથા ફી પણ પરત મળશે નહીં.**
4. પદવી પ્રમાણપત્ર પર વિદ્યાર્થીએ પોતે જ સહી કરવી. અન્ય વિદ્યાર્થી સહી કરે અને ભવિષ્યમાં સહીના કારણે પ્રશ્ન ઉદ્‌ભવે તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.
5. વિદ્યાપીઠમાં પદવી લેનારની અનુપસ્થિતિમાં પદવી પ્રમાણપત્ર આપવામાં આવતું નથી, તેથી તા. 17-10-2018 અને 18-10-2018ના રોજ ગેરહાજર રહેનારે ત્યાર પછીના વર્ષે પદવીદાન સમારંભમાં પદવી મેળવવા માટે ફરીથી અરજી કરવાની રહેશે. ભરેલી પદવી ફીની પહોંચ બીજે વર્ષે રજૂ કરવાથી પદવી ફી ગ્રાહ્ય રાખવામાં આવશે. પરંતુ જો પદવી ફીમાં વધારો થયો હશે તો તફાવતની રકમ ઉપરાંત વધારાના રૂ. 100/- ભરવાના રહેશે.
6. પદવી લેનારે પદવીદીઠ **અધ્યક્ષ (કુલપતિશ્રી) તથા મુખ્ય મહેમાનને સૂતરની એક-એક આંટી અર્પણ કરવાની રહેશે.** આ માટે મંચ પર રાખવામાં આવેલા બંને કરંડિયામાં એક એક આંટી મૂકવાની રહેશે. મંચ ઉપર આવતા પહેલાં આંટી હાથમાં તૈયાર રાખવી. **(નોંધ : એક પદવી લેનારે બે આંટી, બે પદવી લેનારે ચાર આંટી..........)**
7. **પદવીદાન સમારંભ વખતે તમારે ઉપરોક્ત દર્શાવેલા ક્રમાંક ઉપર બેઠક લેવાની રહેશે.**
   * પારિતોષિકની અર્પણવિધિ પહેલાં શરૂ કરવામાં આવશે.
   * પારિતોષિકની સાથે જે પદવી લેવાની હશે તે સાથે જ આપી દેવામાં આવશે.
   * માત્ર પદવી લેનારાને પણ એકથી વધુ પદવી સાથે જ આપી દેવામાં આવશે.
   * આમ ઉપરોક્ત વ્યવસ્થા મુજબ કોઈપણ વિદ્યાર્થીએ બેવાર ઊભા થવાની જરૂર નથી.
8. પદવી લેનારા વિદ્યાર્થીઓએ બંને દિવસે શુદ્ધ સુતરાઉ ખાદીનો ગણવેશ પહેરવાનો રહેશે.
   * ભાઈઓ : સફેદ પાયજામો કે ધોતિયું, ઝભ્ભો (પહેરણ) અને ગાંધીટોપી.
   * બહેનો : રંગીન કિનારી વગરની સફેદ સાદી સાડી અને સફેદ બ્લાઉઝ.
9. **તા. 18-10-2018 ને ગુરુવારના** રોજ પદવી લેનારાઓએ **સવારે 8-45 વાગ્યે** પૂરા ગણવેશમાં **પ્રાણજીવન વિદ્યાર્થીભવનમાં** પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
10. પદવીદાન વિધિ વખતે પ્રતિજ્ઞા બોલાવાય તે પ્રમાણે મોટેથી સ્પષ્ટ અવાજે સંભળાય તે રીતે એક સાથે પ્રતિજ્ઞા લેવાની રહેશે.
11. પદવીદાન સમારંભ વખતે શાંતિ જાળવવી.
12. કોઈપણ સંજોગોમાં પદવી લેનારા કાર્યક્રમ છોડીને જઈ શકાશે નહીં.
13. જે વિદ્યાર્થીઓને રાત્રિરોકાણની જરૂર હોય તેમણે તા. 17/10/2018ના રોજ **ગૃહમાતા / ગૃહપતિનો** સંપર્ક કરવો.
14. રાષ્ટ્રગીતના ગાન સાથે પદવીદાન સમારંભ પૂરો થશે.

તા. 29/09/2018

પરીક્ષા વિભાગ　　　　　　　　　　　　　　　　　　　　પરીક્ષા નિયામક

(પાછળ)

# ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

**તા. 17/10/2018 ને બુધવારના રોજ બપોરના 12-00 વાગ્યે પદવી પ્રમાણપત્ર ઉપર સહી કરાવવા માટેની વ્યવસ્થા**

## શ્રી કૌશિકભાઈ પટેલ

**સ્થળ : મહાદેવ દેસાઈ સમાજસેવા મહા. ઉપાસના ખંડ**

### ટેબલ - 1

શ્રી હેમંતભાઈ
શ્રી ગિરીશભાઈ

| | | |
|---|---|---|
| વિદ્યાવાચસ્પતિ (Ph.D.) | | |
| નંબર : 1 થી 31 | = | 31 |
| અનુપારંગત (M.Phil.) | | |
| નંબર : 32 થી 54 | = | 23 |
| પારંગત - (M.A.) ગુજરાતી | | |
| નંબર : 55 થી 86 | = | 32 |
| પારંગત - (M.A.) હિન્દી | | |
| નંબર : 87 થી 100 | = | 14 |
| પારંગત - (M.A.) અર્થશાસ્ત્ર | | |
| નંબર : 101 થી 148 | = | 48 |
| પારંગત - (M.A.) ઇતિહાસ | | |
| નંબર : 149 થી 178 | = | 30 |
| **કુલ :** | | **178** |

### ટેબલ - 2

શ્રી જિતેન્દ્રભાઈ
વિદ્યાર્થી ..................................

| | | |
|---|---|---|
| પારંગત - (M.A.) સમાજશાસ્ત્ર | | |
| નંબર : 179 થી 221 | = | 43 |
| પારંગત - (M.A.) પત્રકારત્વ | | |
| નંબર : 222 થી 227 | = | 06 |
| પારંગત - (M.A.) ગાંધી અધ્યયન, ગાંધીવિચાર અને સા.વિ., ગાંધીવિચાર | | |
| નંબર : 228 થી 230 | = | 03 |
| પારંગત - (M.A.) જૈનવિદ્યા | | |
| નંબર : 231 થી 234 | = | 04 |
| પારંગત - (M.A.) માનવ સંસાધન વિકાસ | | |
| નંબર : 235 થી 242 | = | 08 |
| સમાજકાર્ય પારંગત (M.S.W.) | | |
| નંબર : 243 થી 274 | = | 32 |
| ગ્રંથાલય અને મા.વિ. પારંગત (M.Lib.) | | |
| નંબર : 275 થી 283 | = | 09 |
| કમ્પ્યૂટર વિનિયોગ પારંગત (M.C.A.) | | |
| નંબર : 284 થી 332 | = | 49 |
| માસ્ટર ઑફ યૌગિક આર્ટ એન્ડ સાયન્સ | | |
| નંબર : 333 થી 349 | = | 17 |
| **કુલ :** | | **171** |

## શ્રી રણછોડભાઈ ચૌહાણ

**સ્થળ : ઓડિટોરીયમ (સભાગૃહ)**

### ટેબલ - 3

શ્રી અશોકભાઈ
શ્રી સુરેશભાઈ

| | | |
|---|---|---|
| માસ્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન (એમ.પી.એડ્. / (એમ.પી.ઈ.) | | |
| નંબર : 350 થી 357 | = | 08 |
| પારંગત ગ્રામવ્યવસ્થાપન (M.R.M) | | |
| નંબર : 358 થી 387 | = | 30 |
| માસ્ટર ઑફ સાયન્સ (સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન / ગૃહવિજ્ઞાન) | | |
| નંબર : 388 થી 434 | = | 47 |
| માસ્ટર ઑફ એજ્યુકેશન (M.Ed.) | | |
| નંબર : 435 થી 447 | = | 13 |
| બેચલર ઑફ લાઇબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ | | |
| નંબર : 448 થી 459 | = | 12 |
| બેચલર ઑફ એજ્યુકેશન (B.Ed.) | | |
| નંબર : 460 થી 510 | = | 51 |
| **કુલ :** | | **161** |

### ટેબલ - 4

શ્રી મનિષભાઈ
વિદ્યાર્થી..............................

| | | |
|---|---|---|
| બેચલર ઑફ એજ્યુકેશન (Hindi B.Ed.) | | |
| નંબર : 511 થી 529 | = | 19 |
| બેચલર ઑફ ફિઝિકલ એજ્યુકેશન (B.P.Ed.) | | |
| નંબર : 530 થી 567 | = | 38 |
| બેચલર ઑફ આર્ટ્સ / સ. વિશારદ (ગુજરાતી/હિન્દી/અંગ્રેજી/અર્થશાસ્ત્ર ) | | |
| નંબર : 568 થી 624 | = | 57 |
| બેચલર ઑફ આર્ટ્સ / સ. વિશારદ (ઇતિહાસ / સમાજશાસ્ત્ર / ગ્રામવિકાસ / ગૃહવિજ્ઞાન) | | |
| નંબર : 625 થી 688 | = | 64 |
| **પારિતોષિક મેળવનારના ક્રમાંક** | | |
| **901 થી 935** | **=** | **35** |
| **કુલ :** | | **178** |

## શ્રી ધીરેનભાઈ પટેલ

**સ્થળ : શાંતિ સંશોધન કેન્દ્ર**

### ટેબલ - 5

શ્રી રાજુભાઈ
વિદ્યાર્થી..................................

| | | |
|---|---|---|
| બેચલર ઑફ સાયન્સ (સૂક્ષ્મજીવાણુવિજ્ઞાન / ગૃહવિજ્ઞાન) | | |
| નંબર : 689 થી 727 | = | 39 |
| વ્યાયામ અને આરોગ્ય શિક્ષણ વિ. | | |
| નંબર : 728 થી 740 | | 13 |
| કમ્પ્યૂટર વિનિયોગ અનુ. ડિપ્લોમા | | |
| નંબર : 741 થી 742 | = | 02 |
| કમ્પ્યૂટર હા. એન્ડ ને. અનુ. ડિપ્લોમા | | |
| નંબર : 743 થી 744 | = | 02 |
| પી. જી. ડિપ્લોમા ઇન ઑડિયો-વિડિયો પ્રોગ્રામ (ટીવી) પ્રોડક્શન / દ્રશ્ય-શ્રાવ્ય કા. (ટેલિવિઝન) અનુ. ડિપ્લોમા | | |
| નંબર : 745 થી 760 | = | 16 |
| યોગવિદ્યા અનુ. ડિપ્લોમા | | |
| નંબર : 761 થી 788 | = | 28 |
| ફંક્શનલ હિન્દી (એડ્. ઑન કોર્સ) | | |
| નંબર : 789 થી 807 | = | 19 |
| ટ્રાન્શલેશન હિન્દી (એડ્. ઑન કોર્સ) | | |
| નંબર : 808 થી 815 | = | 08 |
| **કુલ :** | | **127** |